# બં.અ. કૃષિ મહાવિધાયલય  ખાતે શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવી.

બં. અ. કૃષિ મહાવિધાયલય તેનો અમૃત મહોત્સવ ઉજવે છે ત્યારે ૫મી સપ્ટેમ્બરે ભારત દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાક્રિષ્નનની જન્મદિનની ઊજવણી “શિક્ષકદિન” તરીકે મનાવે છે તે પ્રસંગે આજ ૪થી સપ્ટેમ્બર, શનિવારના રોજ બં. અ. કૃષિ મહાવિદ્યાલય ખાતે શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવી.

કૃષિ કોલેજના ત્રીજા અને ચોથા સેમેસ્ટરના પસંદ કરેલ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયોના વિષય શિક્ષકની તાલીમ મેળવી સવારે ૯:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી રાબેતા મુજબ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ કાર્યનું સંચાલન કરવામાં આવ્યુ હતું.  આ પ્રસંગે બં. અ. કૃષિ મહાવિદ્યાલયના ડીન અને આચાર્યશ્રી ડૉ. વાય. એમ. શુક્લે જરૂરી માર્ગદર્શન પુરુ પાડ્યુ તથા શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેની જે આત્મીયતા છે તે કેળવી કેવી રીતે વિદ્યાર્થી તથા સમાજના વિકાસ દ્વારા રાષ્ટ્રના નિર્માણમાં ભાગીદાર થઇ શકીએ તે સમજ સાથે સમગ્ર શિક્ષકદિનની ઊજવણી કરવામાં આવી.

વિશેષમાં આ પ્રસંગે શિક્ષકો માટે એક ખાસ માર્ગદર્શનરૂપ ઓનલાઇન લેક્ચરનું આયોજન બં. અ. કૃષિ માહાવિદ્યાલય મારફત કરવામાં આવ્યું, જેમાં વક્તા તરીકે ડૉ. વી. પી. રામાણી, આચાર્ય, એગ્રીકલ્ચર કોલેજ, વસો દ્વારા વિદ્યાર્થીનો સ્વભાવ અને શિક્ષકનું શિક્ષણ એમ બે મુદ્દાઓ આવરી લઇ પ્રોફેશનલ ડેવલોપમેન્ટ ઓફ ટીચર અંગે ખાસ વક્તવ્ય આપવામાં આવ્યું જેનો લાભ આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપકોએ લીધો હતો. સમગ્ર ઊજવણી સફળ કરવામા અકેદેમિક ઇંન્યાજ્ ડૉ.જે.કે.પરમાર અને ડૉ. ક્ષિતિજ શુક્લએ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

# TEACHER'S DAY CELEBRATION















